**Capital World Pg 5, 29th June 2022**

# બિટકોઈન સહિતની ક્રિપ્ટો કરન્સીનો સુધારો એકજ દિવસમાં ધોવાયો

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં મામૂલી ફેરફાર જોવાયો

**કેપિટલ સંવાદદાતા તા.૨૩**

ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ગયા સપ્તાહે થયેલો લગભગ તમામ વધારો મંગળવારે ધોવાઈ ગયો હતો. રોકાણકારો ડિજિટલ એસેટ્સ માર્કેટમાં સાવચેતીપૂર્વક કામકાજ કરી રહ્યા છે. જોકે, બિટકોઈનમાં મંગળવારે થોડો સુધારો જોવા મળ્યો હતો. ઈન્ટ્રાડે ધોરણે તેમાં ૨૦,૫૦૦ ડોલરની સપાટી જોવા મળ્યા બાદ ભાવ ૨૧,૦૬૦ ડોલર સુધી પહોંચ્યો હતો.

અમેરિકામાં કુલ રાષ્ટ્રીય પેદાશના નવીનતમ આંકડાઓ બુધવારે જાહેર થવા પૂર્વે માર્કેટમાં સાવચેતીભર્યું વલણ છે. ગુરુવારે વ્યક્તિગત ખર્ચના મે ૨૦૨૨ના આંકડાઓ બહાર પડાવાના છે.

દરમિયાન, ગેલેક્સી ડિજિટલના સીઈઓ માઇક નોવોગ્રેટ્ઝે ક્રીપ્ટો માર્કેટમાં મંદી ૧૮ મહિના સુધી ચાલવાની હોવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. તેને પગલે બિટકોઈન માઈનર્સે વેચવાલી શરૂ કરી છે. બીજી બાજુ, અનેક ક્રીપ્ટોકરન્સી હેજ ફંડ યુએસડીટી કોઈનનું વેચાણ કરી રહ્યાં હોવાથી માર્કેટમાં વાતાવરણ ડહોળાયું છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ફ્લેટ રહીને ૨૭૯૨૯ પોઈન્ટ બંધ રહ્યો હતો.